વાપી : ૨૪૨૪૬૪૬ , ૯૩૭૫૮-૬૧૩૧૩ , નવસારી : ૯૮૨૫૪૮૮૧૫૧ બીલીમોરા : ૨૮૫૬૭૯ ચીખલી : ૨૩૪૭૯૮ વાંસદા : ૨૨૨૨૩૩, વલસાડ : ૨૫૩૧૦૦ - ઉમરગામ : ૯૯૦૪૧ - ૯૩૫૨૮ વેસ્મા : ૨૭૫૬૬૬- આહવા-૨૨૦૦૨૨

## ચીખલીનું ઉંઢવણ એટલે જાણે જુગારધામ, દસ જુગારીઓ પકડાયા, ૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત

ઘેજ તા.૬: ચીખલી પોલીસે ઉંઢવણ ગામમાં દરોડો પાડી દસ જેટલા જુગારીઓને પકડીને ૧,૧૭૨૬૦ રુ.રોકડ સહિત કુલ ૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.આ જુગારીઓમાં કેટલાક ચીખલીના ક્વોરી ઉદ્યોગ સાથે સંકળાયેલા હોય ક્વોરી ઉદ્યોગના મોટા માથાઓ ઉમટી પડ્યા હતા.આ ગુનામાં પાંચને વોન્ટેડ જાહેર કર્યા છે.

### ૧.૧૭ લાખની રોકડ જપ્ત , ને પાંચ વોન્ટેડ જાહેર ,સુરત,વલસાડ, ચીખલી અને બીલીમારાથી જુગાર રમવા આવનારાઓ ભેરવાયા

ગત સાંજે ચીખલી પોલીસ મથકના પી.એસ.આઇ.કે.એ.ગઢવી,આર.વી.ઠાકોર સહિતના અધિકારીઓએ પોલીસ જવાનો સાથે તાલુકાના ઉંઢવણ ગામે હનુમાનના મંદિરની બાજુમાં પતરાંના શેડમાં ચોક્કસ

**પકડાયેલા જુગારીઓ**

ભરત દેસાઇ -ભાગડાવાડા વલસાડ
મનીષ પટેલ - ઉંઢવણ,ચીખલી
અબ્દુલ શેખ - ચીવલ,વલસાડ
મહેન્દ્ર પટેલ -ગોરવાડા,વલસાડ
મોહન પટેલ- બરુવાડ, વલસાડ
જયંતિ ગોહિલ- મહેતવાડ, વલસાડ
રમણિક ગોંડલિયા-ખૂંધ ,ચીખલી
હસમુખ ગોંડલિયા-ઘોડદોડ, સુરત
મહેશ પંડ્યા-ગૌહરબાગ,બીલીમોરા
રમણિક જીવાણ-સમરોલી, ચીખલી

બાતમીના આધારે રેડ કરતાં મોટા પાયે તીન પત્તીનો જુગાર રમતા જુગારિયામાં નાસભાગ મચી ગઇ હતી.કેટલાક પોલીસને જોઇને વાહનો સ્થળ પર મુકી ભાગી છુટ્યા હતા.પોલીસે દસ જુગારીઓની ધરપકડ કરતાં પોલીસ પર રાજકીય દબાણ શરુ થઇ ગયું હતું.ઉપરાંત ધરપકડ પૈકી કેટલાક ચીખલીમાં ક્વોરી ઉદ્યોગ સાથે સંકળાયેલા અને કાઠીયાવાડી વિસ્તારના હોવાને કારણે તેમને છોડી મુકવા પોલીસ ઉપર દબાણ લાવવા માટે ભારે ભીડ જામી હતી.સાથે જ લોકઅપમાં જુગારીઓને કોઇ અગવડ ન પડે તે માટે જોગવાઇ પણ કરી દેવાઇ


(તસ્વીરઃધર્મેશ પટેલ ,ઘેજ)

હોવાની ચર્ચા ચાલે છે.

એમ પણ સાંભળવા મળે છે કે આ જુગારમાં ચારેક લાખ રુપિયાની રકમ હતી, પરંતુ પોલીસે ચોપડે માત્ર ૧૧૭૨૬૦ રુપિયા જ દેખાડ્યા છે.આ સ્થિતિમાં તપાસ થાય તે જરુરી છે.પોલીસ અસામાન્ય ઉતાવળ દાખવીને ગત રાત્રે જ પોલીસે તમામ જુગારીઓને જામીન પર છોડી મુક્યા હતા.અન્ય પાંચને વોન્ટેડ જાહેર કરી તેઓની ધરપકડ કરવા માટે પોલીસે તજવીજ હાથ ધરી છે.વધુ તપાસ સેકન્ડ પી.એસ.આઇ. આર.વી.ઠાકોર કરી રહ્યા છે.પોલીસે હોન્ડા,હોન્ડા સ્ટેશનર,યામાહા, સુપર સ્પેલન્ડર ,હોન્ડા યુનિકોર્ન,બુલેટ, સ્કોપિયો,ઇનોવા,આઇટેન, મારુતિ ફ્રન્ટી,મારુતિ વાન જેવા વાહનો ઉપરાંત ૧૫૮૦૦ રુ.ની કિમંતના ૯ મોબાઇલ ફોન,વાહનના ૧૯૭૨૪૫૦ તથા રોકડા ૧૧૭૨૬૦ મળી કુલ ૨૧૦૫૫૧૦ રુપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.પોલીસે ૯૬૬૨૬૮૨૯૯૫ નંબરના સીમકાર્ડ ધારક,હીરો હોન્ડા,સુપર સ્પેલન્ડર,યામાહા, મારુતિ વાન અને આઇટેન કાર ચાલક એમ કુલ પાંચને વોન્ટેડ જાહેર કર્યા છે.

લાયન્સ પરિવારમાં સેવાની સુવાસ ફેલાવનાર

## ગણદેવી પીપલ્સના પ્રમુખ ગોપાળભાઇ ગોહિલની શાખની આજે કસોટી થઇ જશે

ગણદેવી તા.૬: આવતીકાલે તા.૭મીએ ગણદેવી પીપલ્સમાં કર્મચારીઓને લેવાની પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં મામા માસીનું થઇ જશે એવી ચર્ચાએ જોર પકડ્યું છે, ત્યારે પ્રમુખ ગોપાળભાઇ ગોહિલની શાખ દાવ પર લાગી છે.

### ચર્ચા મુજબ ઉમેદવારો સિવાયના કર્મચારીઓની ભરતી થાય તો જ નવાઇ પામવા જેવું

ગણદેવી પીપલ્સ બેન્કમાં મંગળવારે કર્મચારીઓની ભરતી કરવાની પ્રક્રિયા હાથ ધરાશે, ત્યારે બેન્કના ડિરેક્ટરો તેમના વ્હાલાઓને જ ચારે જગ્યા ઉપર ભરતી કરશે એવી ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.આ ચર્ચા મુજબ ચારુ પટેલ,ઉર્વી દેસાઇ,ભાવેશ શાહ અને અમલસાડના એક યુવાનની ભરતીના સંકેત મળે છે.એમ તો ગોપાળભાઇ ગોહિલે બેન્કના હિતમાં ભરતી થાય એ મુજબ પ્રક્રિયા હાથ ધરાશે એવી વાત કરી છે.પરંતુ અગાઉ પણ એવી જ પ્રક્રિયાનો ડોળ કરીને પોતાના સગાંઓની ભરતી થઇ ગઇ હતી.જો કે આ વખતે પ્રમુખ ગોપાળભાઇ ગોહિલના કોઇ સગા આ જગ્યા માટે ઉમેદવાર નથી, ત્યારે તેઓ માત્ર બેન્કના હિતમાં જ પગલાં ભરશે એમ લાગે છે.વળી, ઉપપ્રમુખ શૈલેશભાઇ શાહ પણ અગાઉ વિપક્ષની ભૂમિકા ભજવી અન્યાય સામે લડતા રહ્યા છે, ત્યારે તેમની પાસે પણ આવા સગાવાદ આચરાય નહીં એવી અપેક્ષા અસ્થાને નથી.

આ સંજોગોમાં ખરેખર તો બેન્કની સામાન્ય સભાએ થોડા વખત પહેલાં બેન્કમાં ડિરેક્ટરોના સબંધીઓને નોકરીએ નહીં રાખવા માટે ઠરાવ કરાયો હતો, પણ ડિરેક્ટરોએ એ ઠરાવને વેંગણિયા નદીમાં ડુબાડી દીધો છે.ખરેખર તો એ ઠરાવ કરીને કાયમી રીતે આ વિવાદનો અંત આણવો જોઇએ.

## હવે, બીલીમોરા અને તલોધમાં ઝાડા-ઉલ્ટીનો વાવર ૮૦થી વધુ કેસોથી આરોગ્યતંત્ર દોડતું થયું

બીલીમોરાઃ બીલીમોરા અને તલોધ વિસ્તારમાં પીવાના પાણીમાં બગાડને લીધે લગભગ ૮૦ જેટલાં ઝાડા-ઉલ્ટીનાં કેસો મળી આવતા જિલ્લા તેમજ સ્થાનિક આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું હતું અને પરિસ્થિતિને પહોંચી વળવા માટે આરોગ્યતંત્ર દ્વારા તલોધ ગામમાં કામચલાઉ દવાખાનું પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ બીલીમોરા અને તલોધ વિસ્તારમાં પીવાનાં પાણીમાં થયેલ બગાડને


તલોધના ચોતરા ઉપર આરોગ્ય ટીમ દ્વારા કામચલાઉ દવાખાનું શરૂ કરવામાં આવ્યું હતું તે દવાખાનું અને દર્દીઓને ડોકટરો તપાસ કરતા જોઇ શકાય છે. (તસ્વીરઃ કેરસી બારીઆ, બીલીમોરા)

લીધે ઝાડા-ઉલ્ટીના કેસો વધી રહ્યા છે. તલોધ નજીકના માદલ ફળિયામાં બે હેન્ડપંપો પરથી લોકો પાણી ભરે છે. પરંતુ આ હેન્ડપંપોનું પાણી પીવાલાયક ન હોવાનું જાણવા મળ્યું છે. જેથી લોકોમાં ઝાડા-ઉલ્ટીનાં કેસો વધી રહ્યા હોવાનું જણાય છે. બીલીમોરા નગરપાલિકા દ્વારા માદલ ફળિયા, પીપરી ફળિયા, આમલી ફળિયા તથા નવીનગરી વિસ્તારોમાં સર્વે કરાતા આ વિસ્તારોમાંથી ઝાડા-ઉલ્ટીનાં ૩૨ કેસો મળી આવ્યા હતા. જયારે જિલ્લા આરોગ્ય વિભાગના મલ્ટીપર્પમાં હેલ્થ સુપરવાઇઝર વિનોદભાઇ મિસ્ત્રીનાં જણાવ્યા મુજબ તલોધમાં ઘંટી ફળિયા, સરપંચ ફળિયા, દેવીપૂજક મહોલ્લો તથા ભગત ફળિયામાં થયેલાં સર્વે મુજબ તેમાં ઝાડાનાં ૩૦ અને ઉલ્ટીનાં ૪ એમ કુલ ૩૪ કેસો નોંધાયા છે. જયારે અન્ય ૧૪ કેસો મળતા આ સંખ્યા ૪૮ની થવા પામી છે. સાથે જ તલોધ વિસ્તારમાં લોકો દ્વારા ક્લોરીનેશન કરવામાં આવ્યું છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

નવનિયુક્ત બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ પ્રજ્ઞેશ પટેલ, ચીફ ઓફિસર વસાવા, સેનેટરી સુપરવાઇઝર જયેશ મહેતા, શહેર ભાજપા પ્રમુખ વિજય પટેલે પણ ઝાડા-ઉલ્ટીની પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને પાણીનાં સેમ્પલો લેવાયા હતા. ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે આ વિસ્તારોમાં પાલિકા દ્વારા સફાઇ કામગીરી અને દવાનો છંટકાવ પણ કરવામાં આવ્યો છે.

### આઝાદીનાં ૬૩ વર્ષે પણ તલોધમાં પીવાના પાણીની વ્યવસ્થા નથી

બીલીમોરાનાં તલોધ વિસ્તારમાં આઝાદીનાં ૬૩ વર્ષ થયા હોવા છતાં હજી સુધી પીવાના પાણીની કોઇ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી અને જે વ્યવસ્થા છે તેમાં હેન્ડપંપો મૂકવામાં આવ્યા છે.

આ હેન્ડપંપોનું પાણી પીવાલાયક ન હોવાથી આવા રોગચાળો ફેલાઇ તેમાં નવાઇ તે શી! પાણી પીવાલાયક ન હોવાથી લોકોએ દૂર દૂર સુધી પાણી લેવા જવું પડે છે.

જે સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં શરમજનક કહી શકાય. ૨૦૦૯નાં વર્ષમાં ચૂંટણીપ્રચાર માટે આવેલ પાણી પુરવઠા મંત્રીને વિસ્તારની મહિલાઓ દ્વારા ઘેરવામાં આવ્યા હતા. ત્યારે તેમણે પાણીની વ્યવસ્થા કરવાનું સૂચન આપ્યું હતું. જે હજી સુધી પૂરું થયું નથી.

## જલાલપુરનો યુવક એસિડ પી ગયો

વિજલપોર, તા. ૬ઃ જલાલપોરના ગૌરીશંકર મહોલ્લામાં રહેતા બાવીસ વર્ષીય યુવાને કોઇ અગમ્ય કારણોસર એસિડ ગટગટાવી લેતા વધુ સારવાર માટે અત્રેની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જલાલપોર પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર જલાલપોર ગૌરીશંકર મહોલ્લાના શિવનગર સોસાયટી ખાતે રહેતા બાવીસ વર્ષીય ગોપાળ ધીરુ જાદવે આજ રોજ બપોરે કોઇ અગમ્ય કારણોસર તેના ઘરે રાખેલો એસિડ ગટગટાવી લેતા તેની હાલત લથડી જવા પામી હતી. આ ઘટનાની જાણ તેના કાકા વલ્લભભાઇ જાદવને થતાં તેઓએ તાત્કાલિક તેને અત્રેની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરતાં સારવાર બાદ તેની હાલત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

## વિજલપોરમાં કચરા પેટીમાંથી ચાર માસનો ગર્ભ મળ્યો

વિજલપોર, તા. ૬: વિજલપોરના સૂર્યનગર ખાતેની કચરા પેટીમાંથી આજ રોજ સવારના દશ વાગ્યાના સુમારે ચાર માસનો ત્યજી દેવાયેલો ગર્ભ મળી આવતા સમગ્ર વિજલપોર વિસ્તારમાં ચકચાર ફેલાઇ ગઇ હતી.

આજ રોજ વિજલપોરમાં બન્યો હતો, કોઇક અજાણી યુવતીએ આ જ પ્રકારના કિસ્સામાં ચાર માસનો રહી ગયેલો ગર્ભ પડાવી અને આબરૂ જવાની બીકે તરછોડી દીધો હતો.

આ ગર્ભને કચરા પેટી નજીક તરછોડાયેલી હાલતમાં કૂતરાઓ તેને ચૂંથતા હતા તે જોઇ અને સવારે દસેક વાગ્યાના સુમારે ત્યાંના રહીશોએ સ્થાનિક સુધરાઇ સભ્ય રાયસીંગ પાટીલને વાત કરતાં તેઓએ તુરત જ જલાલપોર પોલીસને ઘટનાથી વાકેફ કરતાં પોલીસે ફરિયાદ લઇ અજાણી યુવતી વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે તેની વધુ તપાસ પી.એસ.આઇ. જે. એમ. ડામોર કરી રહ્યા છે.

## ભર ચોમાસે ગણદેવીમાં ૫ દિવસથી પીવાના પાણીના ધાંધિયાથી અકળાયેલી મહિલાઓનો પાલિકા પર મોરચો

ગણદેવી તા.૬ : ગણદેવીમાં મનમુકીને વરસાદ પડી રહ્યો છે, છતાં છેલ્લા પાંચ દિવસથી પીવાના પાણીના ધાંધિયા વેઠવા પડે છે.શહેરીબાવાઓને તો જાણે આ સમસ્યા નડતી જ હોય એમ કોઇએ પાંચ દિવસ સુધી ઉકેલ લાવવાની કોઇ તસ્દી લીધી હોય એમ લાગતું નથી ! આખરે આજે મહિલાઓએ થાળી વગાડીને પાલિકા પર મોરચો લઇ ગઇ હતી, જો કે તેમને સાંભળવા માટે કોઇ હતું નહી.પાંચ વર્ષ દરમ્યાનની પ્રમુખ ભગત અને કારોબારી અધ્યક્ષ જ્યોતિ દેસાઇની ટીમની નિષ્ફળતા આગામી ચૂંટણીમાં તેમને નડી જાય તો નવાઇ નહીં.

### પ્રમુખ ભગત અને કારોબારી અધ્યક્ષની ટીમ પાંચ વર્ષમાં નગરનો વિકાસ કરવામાં સાવ નિષ્ફળ રહી

ઉનાળા દરમ્યાન પણ નગરજનોએ પાણીનો ભારે ત્રાસ વેઠવો પડ્યો હતચો અને એક નાગરિકે ઉપવાસનો સહારો લેવો પડ્યો હતો.આશ્ચર્યની વાત તો એ છે કે એ દિવસે સાંજે ૪થી રાત્રે ૮ સુધી પાણી આપ્યા બાદ પણ બીજા દિવસે રુટીન પ્રમાણે પાણી પુરું પાડ્યું હતું. એ યાદ રહે કે ઉપવાસ પહેલાં ૪૦૦ મીમીથી વધુ વરસાદ પડી ચુક્યો હતો, તેથી પાણીની અછત ન હતી, પરંતુ પાલિકાની અવ્યવસ્થા જ કારણભૂત હતી.ઉનાળામાં પાણીનો ત્રાસ વેઠ્યા પછી તો ચોમાસું નગરમાં મન મુકીને વરસ્યું છે.નદી તથા તળાવમાં પાણીનો જથ્થો પુરતો હોવા છતાં છેલ્લા અઠવાડિયાથી પાણી મળતું ન હતું.એકાદ બે દિવસની તકલીફ વેઠી લેવાય, પરંતુ સતત પાંચ દિવસ સુધી પાણી વિના ચલાવવું મુશ્કેલ કામ છે.વળી અત્યારે શ્રાવણ અને રમઝાન મહિનો ચાલી રહ્યો છે.આમ બંને કોમના લોકો માટે પાણીની ખાસ જરુર રહે છે, ત્યારે જ પાણી નહીં મળતા અકળાયેલી મહિલાઓએ આજે પાલિકા ઉપર મોટી સંખ્યામાં થાળી વગાડતા જઇને મોરચો કાઢ્યો હતો.પરંતુ પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર બંને ગેરહાજર હોય મહિલાઓએ હિમંતભાઇ પટેલને રજુઆત કરી હતી.આ વખતે મોટર બબ્બે વખત બળી ગયાનું કારણ આગળ ધર્યું હતું.જો કે એમ લાગે છે કે ચીફ ઓફિસરની પણ બદલી થઇ ગઇ છે, તેમને અહીં હવે કોઇ રસ રહ્યો નથી.એમ પણ આ નવા ચીફ ઓફિસર સંજય પટેલ અહીં લાંબો સમય ટક્યા નથી, પરંતુ પાંચ વર્ષમાં વિકાસના કામો નહીં કરી શકેલા પ્રમુખ અને કારોબારી અધ્યક્ષની ટીમને પોતાની નિષ્ફળતા છુપાવવા માટે સી.ઓ.ના માથે ઠીકરાં ફોડવાની તક મળી ગઇ છે.છેલ્લા પાંચ વર્ષમાં માંડ પાણીની એક યોજના હાથ ધરાઇ છે.એ યોજના આજે પણ હજુ અધુરી છે.પરંતુ હવે ચૂંટણી સામે છે, ત્યારે પદાધિકારીઓ જનતા સામે જતા પહેલાં થરથરે છે.

જેટીંગ મશીન લાવવા માટે ધમપછાડા કરનારા પદાધિકારીઓ પાણીની સમસ્યા અંગે હંમેશા ચૂપ રહ્યા છે.અત્યારે નગરના રસ્તાની બેહાલી જુઓ તો વાહનો કેમ ચલાવવા તે પણ સમજાઇ એમ નથી.જાણએ ચંદ્રભૂમિ ઉપર ફરતા હોઇએ એવું લાગ્યા વિના નહીં રહે.ગંદકી જોતાં દવાનો છંટકાવ તો ક્યારે થતો હશે, તે સમજાતું નથી.નગરમાં ડેન્ગ્યુએ પણ દેખા દીધી હોવા છતાં પાલિકાને સાંઇ સૂઝતું હોય એમ લાગતું નથી.પાણી માટેના ઉપવાસ આંદોલન પહેલાં એક ઔપચારીક મીટીંગમાં સવારે વહેલા પાણી આપવાનું સૂચન થયું હતું, પરંતુ તેનો અમલ થઇ શક્યો ન હતો.ઉપવાસને દિવસે પારણા થયા ત્યારે એ પ્રમુખ અને કારોબારી અધ્યક્ષે કરેલા આદેશનો અમલ નહીં કરનાર સામે પગલાં ભરવા જોઇએ એવી વાતમાં ચીફઓફિસરે બોર્ડ ઠરાવ કરે તો પગલાં ભરવાનું સ્વીકાર્યું હતું અને કારોબારી અધ્યક્ષે ઠરાવ કરવાની વાત કરી હતી, પણ આજે એ વાત હવામાં ઉડી ગઇ હોય એમ લાગે છે.હવે પ્રજા તેમની મુશ્કેલીનો આગામી ચૂંટણીમાં જવાબ કેવો આપશે, તે જોવું રહ્યું.

## ઘેલખડી વિસ્તારના વીજળીથી વંચિત ગરીબોએ કલેકટરને આપેલું આવેદનપત્ર

નવસારીઃ નવસારી તાલુકાના ઘેલખડી અને આસપાસનાં વિસ્તારોના ગરીબો આજે પણ ફાનસ યુગમાં જીવી રહ્યા છે ત્યારે આ ગરીબોને કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી વીજળીકરણ યોજનાનો લાભ મળે તે હેતુથી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. નવસારીનાં એડવોકેટ તથા સામાજિક કાર્યકર પ્રદીપ ગડઅંકુશે આ અંગે નવસારી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ઘેલખડી વિસ્તારમાં સામાન્ય ગરીબ લોકો વીજળીનાં કનેકશનથી વંચિત છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજીવ ગાંધી વીજળીકરણ યોજના મારફતે ગરીબોને મફત વીજ જોડાણ આપવામાં આવે છે પરંતુ ગુજરાતમાં આ યોજના કોઇક કારણોસર મંદ રીતે ચાલતા કેટલાય ગરીબોને આ લાભ મળ્યો નથી. નવસારીના ઘેલખડી વિસ્તારમાં હજુ કોમ્પ્યુટર યુગમાં પણ ફાનસયુગમાં જીવે છે. શહેરમાં કેટલાક ગરીબ પરિવારો ખરેખર ગરીબીની રેખા નીચે જીવે છે પણ બી.પી.એલ. કાર્ડમાં નામ દાખલ ન થવાથી તેઓ સરકારની ઘણી યોજનાઓનો લાભ મળતો નથી. જેમકે મફત વીજ જોડાણ, સસ્તા અનાજનો લાભ, વૃદ્ધોને ઇન્દિરા પેન્શન યોજનાનો લાભ, બાળકોને શિષ્યવૃત્તિ, લોન, મફત ઉપચાર અને મફત આવાસનો લાભ મળતો નથી. તેથી આવા પરિવારનો ફરી સર્વે કરી તેમને લાભ આપવાની અપીલ આવેદનપત્રમાં કરવામાં આવી હતી.

### ચીખલી તા.ના વાડગામમાં કરંટ લાગતા યુવાનનું મોત

ઘેજઃ ચીખલી તાલુકાના વાડગામમાં વીજકરંટ લાગતા યુવાનનું મોત નીપજ્યું હતું. વાડગામના પટેલ ફળિયામાં ધર્મેશ ભગુભાઇ ઢો.પટેલ (ઉં.વ.૨૧) આજરોજ ઉપવાસ હોય ઘરમાં મીક્ષર મશીનમાં છાશ બનાવવા જતા મશીન ચાલુ કરતાં જ તેને વીજકરંટ લાગતા તેનું ઘરમાં જ મોત નીપજ્યું હતું. વાડગામમાં આશાસ્પદ યુવાનના આકસ્મિક મોતને પગલે શોકની લાગણી ફેલાઇ જવા પામી હતી.

### જલાલપોરની જલ્યાબેન પટેલ ગુમ થયા છે

નવસારીઃ નવસારી પોલીસ અધિક્ષકની યાદીમાં જણાવ્યાનુસાર જલ્યાબેન ગોકુળભાઇ પટેલ રહે. ગૌરીશંકર મહોલ્લો, નાનભાઇની ચાલ, તા.જલાલપોરનાઓ તા.૩૧-૮-૧૦ના રોજ ગૌરીશંકર મહોલ્લો ત્યાં આવેલા ચામુંડા ડેરીમાં દૂધ લેવા ગયા બાદ ક્યાંક ચાલ્યા ગયેલ છે, જે આજદિન સુધી પરત આવી નથી. ગુમ થનાર જલ્યાબેનની ઉં.વ. આશરે ૧૯, ઊંચાઇ ૫ ફુટ ૫ ઇંચ, રંગે ઘઉંવર્ણ, પાતળા બાંધાની, શરીરે પંજાબી તપખીરીયા કલરનો પ્રિન્ટવાળો ડ્રેસ પહેરેલ છે. જલ્યાબેન ગુજરાતી ભાષા જાણે છે. ગુમ થનારની કોઇને ભાળ મળ્યેથી નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવો.

## આગામી ૨૪ કલાકમાં નવસારી જિ.માં છૂટો છવાયો ભારે વરસાદની સંભાવના

નવસારીઃ હવામાન વિભાગ દ્વારા મળેલી સૂચના મુજબ આગામી ૨૪ કલાક દરમિયાન જિલ્લામાં છુટોછવાયો ભારે વરસાદ થવાની સંભાવના છે. જેને અનુલક્ષીને જિલ્લા કલેકટરે સંબંધિત અધિકારીઓને મુખ્યમથકે હાજ રહી તકેદારીના પગલા લેવા સૂચનાઓ જારી કરી છે. જો કોઇ જાનહાનિ કે અન્ય કોઇ પણ બનાવ બને તો તાત્કાલિક ડિઝાસ્ટર કચેરી, નવસારી જાણ કરવા જણાવાયું છે.

## નવસારી જિલ્લામાં ઝરમર વરસાદ

નવસારીઃ નવસારી જિલ્લામાં જિલ્લાના તમામ તાલુકામાં ઝરમર વરસાદ નોંધાયો છે. આજે ૬-૯-૧૦ના રોજ સવારે ૬ વાગ્યે વીતેલા ચોવીસ કલાક દરમિયાન જિલ્લા પૂર નિયંત્રણકક્ષ દ્વારા મળેલા વરસાદના આકં આ મુજબ છે.

| તાલુકા | ૬ વાગ્યા સુધી ચોવીસ કલાકનો વરસાદ | મોસમનો કુલ વરસાદ |
|---|---|---|
| નવસારી | ૩૨ | ૧૫૯૭ |
| જલાલવોર | ૩૩ | ૧૬૮૪ |
| ગણદેવી | ૩૬ | ૧૭૧૫ |
| ચીખલી | ૧૫ | ૧૩૯૦ |
| વાંસદા | ૧૭ | ૧૪૧૦ |

## શિક્ષકોનાં આદર્શ દ્રોણાચાર્ય નહીં, પરંતુ ચાણકય બનશે તો જ આદર્શ ભારતનું નિર્માણ શકય બનશેઃ ડો. કાણે

('ગુજરાતમિત્ર'ના પ્રતિનિધિ તરફથી)

નવસારીઃ હિન્દુ શબ્દ એકપણ સ્કીપચરમાં જોવા મળતો નથી. કોઇ ધર્મમાં પણ હિંદું શબ્દ નથી. આમ હિંદુ એ સંસ્કતિનું નામ કહી શકાય કોઇ ધર્મનું નહિ તેજ રીતે રામાયણ - મહાભારત એ ધર્મગ્રંથો નહિ પરંતુ માત્ર ઇતિહાસ કથા છે તેમ એમ.એસ.યુનિ.બરોડાના પૂર્વ કુલપતિ શ્રી ડો. અનિલભાઇ કાણેએ અત્રેના કોન્વેન્ટ હાઇસ્કુલ ખાતે નવસારી જિલ્લા શિક્ષકદિન ઉજવણી સમિતિ દ્વારા યોજાયેલ શૈક્ષણિક પરિસંવાદ તથા શિક્ષણ પરિવારના નિવૃત્ત કર્મયોગીઓના સન્માન સમારોહ વખતે જણાવ્યું હતું.

### શિક્ષક દિન નિમિત્તિ શૈક્ષણિક પરિસવાદ તથા નિવૃત્તિ શિક્ષકોનું સન્માન થયું

કાર્યક્રમનો દિપ પ્રાગટય કરી ડો. અનિલ કાણેએ આજનો શિક્ષક કેવો હોવો જોઇએ તે સમજાવતા કહ્યું કે શિક્ષકે વિદ્યા શબ્દ સમજવો પડશે. આધિ-વ્યાધિ- ઉપાધીમાંથી મુકિત અપાવે તે વિદ્યા. તેમણે કહ્યું કે દ્રોણાચાર્ય કયારેય શિક્ષકોનો આદર્શ ન બની શકે કેમકે તે પોતાના પટ્ટશિષ્યનો ૧લો નંબર આવે તેવો ટયુશનિયા શિક્ષક જેવા. શિક્ષકોનો આદર્શ ચાણકય જ હોવો જોઇએ. વર્ણવ્યવસ્થા જ્ઞાતિ આધારિત નહિ પરંતુ મેરિટ આધારિત અને તેથી જ ચાણકયે ચંદ્રગુપ્ત મોર્યને રાજા બનાવ્યો. દેશનું પ્રથમ હિત જોનારા જ સાચા અને સશકત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે.


ડો. કાણે તથા મહાનુભાવો અને શિક્ષકો (તસ્વીરઃ ધનેશ પારેખ, નવસારી)

બ્રહ્મચર્યનો અર્થ સમજાવતા ડો. કાણેએ જણાવ્યું હતું કે જ્ઞાન મેળવવા કરાતું આચરણ. તેજ રીતે સત્ય અને હેતુમાં પણ તફાવત. જાતિ કયારેય તમે નકકી ન કરી શકો તે દેવદત્ત. જયારે વર્ણ તમારી પસંદગીનો બની શકે છે. ઇસ્લામ શાંતિનો સંદેશો આપે તેથી મહમંદ ગઝનીને લૂંટારો જ કહી શકાય. સોમનાથને લુંટવા આવેલ ગઝનીને બ્રાહ્મણો જનોઇ આડી કરી ઉભા રહ્યા અને તમામનો વધ ગઝનીએ કર્યો. જો આજ બ્રાહ્મણો તલવાર લઇને લડાઇ કરી હોત તો ગઝની ૧૭ વખત સોમનાથને ન લૂંટી શકયો હતો. બ્રાહ્મણ જ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે તે રિલીજીયન એ સંપ્રદાય કહેવાય તે ધર્મ નહિ. આ એક ઉપાસનાની પધ્ધતિ બની શકે. સત્ય એ હકીકત જયારે હેતુએ હકીકત નથી. ભગવદ ગીતાને ડો. કાણેએ યોગશાસ્ત્ર તરીકે ઓળખાવી જણાવ્યું કે તે જીવન કેવી રીતે જીવવું તે જ બતાવે.

ડો.કાણેએ જણાવ્યું કે ગાંધીજી પોતાને રૂઢીચૂસ્ત હિંદુ તરીકે ઓળખાવતા છતાં તેઓ શ્રીકૃષ્ણને બરાબર સમજયા નથી. શ્રીકૃષ્ણ જે મેળવવાનું છે તે પવિ તેના સાધનો પણ પવિત્ર. સ્વતંત્રતા મેળવવાની વાતમાં ઘણા ગાંધીજીની વિરુધ્ધમાં. જેથા આપણે સુભાષચંદ્ર બોઝ જેવા નેતાને ગુમાવ્યા તે જીવતા હોત અને વડાપ્રધાન બન્યા હોત તો આજે ભારતનો ઇતિહાસ જુદો જ હોત. અન્યાય થતો હોય ત્યાં સાધન અપવિત્ર હોય તો ચાલે. કલેકટર શ્રી ડી. પી. જોષી ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને યાદ કરી શિક્ષકોન જણાવ્યું કે માત્ર ચોપડાજ્ઞાન નહિ પરંતુ બાળકોન જીવન-સમાજ-દેશની વાતો પણ શિખવો. તેઓ તર્કબધ્ધ રીતે વિચારતા થાય તે જરૂરી.

શરૂઆતમા કોન્વેન્ટ શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વાગતનૃત્ય બાદ આચાર્ય સુનિતા બંચે સ્વાગત પ્રવચન તથા જિ. આચાર્ય સંઘના પ્રમુખ એ. આઇ. ચાઉસે આવકાર આપ્યો હતો. જિ. શિક્ષણાધિકારી એમ. જે. મકવાણાએ પ્રાસંગિક વાતો થતા નિવૃત્ત શિક્ષકોનું સન્માન થયું હતું. સંચાલન શ્રી અરવિંદભાઇ પટેલ અને શાહમીન કરૂણ તથા આભાર પરમાનદ પટેલે માન્યો હતો.

### વિજલપોર પાલિકામાં કોંગ્રેસના ધર્મેશ પટેલ પાલિકા પ્રમુખ તરીકે સત્તારૂઢ

વિજલપોર, તા. ૬ઃ જલાલપોર તાલુકાની વિજલપોર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શોભનાબહેન દેસાઇની મુદત તા. ૪-૯-૨૦૧૦ના રોજ પૂરી થતાં નવનિયુકત યુવાન પ્રમુખ ધર્મેશભાઇ ભીમભાઇ પટેલે આજ રોજ સત્તાવાર રીતે વિજલપોર નગરપાલિકાનો ચાર્જ સંભાળ્યો હતો. ઉપરોકત પ્રસંગે તેઓએ વિજલપોરના વિકાસ માટે બનતા તમામ પ્રયત્નો કરી અને વિકાસના કામોમાં ગતિ મળે તે માટે તમામ ચૂંટાયેલા સભ્યો અને પ્રજાજનોનો સાથ અને સહકાર મળે તેવી અપેક્ષા રાખી સર્વેને સાથે લઇને ચાલવાની નેમ સાથે વિજલપોરના વિકાસને જ પ્રથમ પ્રાધાન્ય આપવાની ખાતરી આપી હતી આ પ્રસંગે સર્વે કાર્યકરો અને મિત્રોએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

### બીલીમોરા પાલિકાના નવા પ્રમુખે વિધિસર ચાર્જ સંભાળી લીધો

બીલીમોરાઃ બીલીમોરા નગરપાલિકાના હાલ ચૂટાયેલા પ્રમુખે વિધિસર ચાર્જ સંભાળી લીધો છે. અત્યાર સુધીના સૌથી નાની વયના પ્રમુખ પ્રજ્ઞેશ પટેલને ચીફ ઓફીસર વસાવા તથા શહેર ભાજપ પ્રમુખ વિજયભાઇ પટેલે તેઓને પ્રમુખની ખુરશી ઉપર બેસાડયા હતા. જરૂરી સહી સીકકાઓ કરી નવા પ્રમુખને વિધિસર ચાર્જ સોંપવામાં આવ્યો હતો. વિરોધ પક્ષના સભ્યો તથા નેતા, સત્તા પક્ષના સભ્યો, સ્ટાફ તથા શુભેચ્છકોએ પ્રમુખને શુભેચ્છા પાઠવી હતી.

### કલ્પસર પ્રા.શા.માં જન્માષ્ટમીની ઉજવણી થઇ

વાંસદા, તા. ૪ : વાંસદાને અડીને આવેલા રાણીફળીઆ ગામે કલ્પસર પ્રાથમિક શાળામાં જન્માષ્ટમીની ખૂબ જ ધામધુમથી ઉજવણી થઇ હતી.

આ ઉત્સવનું મહત્વ શાળાનાં શિશ્રીકાબેન મયુરીબેને સમજાવ્યું હતું. બાદમાં શાળાનાં વિદ્યાર્થીઓ નાના નાના ભુલકાઓ શાળાના આચાર્ય પ્રણવભાઇ ચૌહાણ તથા શિક્ષક ગણ, શાળાનાં ટ્રસ્ટી શશીકાન્તભાઇ તથા મેનેજીંગ ટ્રસ્ટી પ્રિતીબેન બીબાંણીએ જન્માષ્ટમી નિમિત્તે યોજાયેલ શ્રીકૃષ્ણ ગીત ગાઇ રાસની રમઝટ બોલાવી હતી અને મન મુકીને ઝુમ્યા હતા ત્યારબાદ કલ્પસર પ્રાથમિક શાળાનાં બાળકોએ ગોવાળીયા બની શાળા પરિસરમાં મટકી ફોડી હતી ત્યારે સમગ્ર પરિસર ગોકુળીયુ બની ગયું હતું.


(તસ્વીરઃ નિલેશ કાપડિયા, વાંસદા)


વેસ્મા કાછીયાવાડી મહોલ્લામાં આયોજીત પચાસમી સપ્તાહમાં પૂજા-અર્ચના કરતાં ભક્તો નજરે પડે છે. (તસ્વીરઃ સરજુ મોદી, વેસ્મા)

## વેસ્મા કાછીયાવાડી મહોલ્લામાં ભજન સપ્તાહનું સુવર્ણ જયંતિ વર્ષ ઉજવાયું

વેસ્માઃ અત્રેનાં કાછીયાવાડી મહોલ્લામાં વસવાટ કરતાં કાછીયા પાટીદાર સમાજ દ્વારા દરવર્ષે શ્રાવણ માસમાં યોજાતી ભજન સપ્તાહને પચાસમાં વર્ષ નિમિત્તે સુવર્ણ જયંતિ વર્ષ તરીકે ભક્તિભાવપૂર્વકથી ઉજવણી કરાઇ હતી. ભજન-કિર્તન તથા રણછોડરાય ભગવાનની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતાં.

વેસ્મા ગામનાં કાછીયાવાડી મહોલ્લામાં રતિલાલ ભીખાભાઇ પટેલનાં ઘરે દર શ્રાવણ માસનાં છેલ્લા શનિવાર તથા રવિવારે ચોવીસ કલાક ભજન-કિર્તનની સપ્તાહનું આયોજન અને ૧૯૬૧થી વડીલો દ્વારા કરાતું આવ્યું છે. ને પરંપરાને યુવાવર્ગે પણ જાળવી રાખતાં અને ૨૦૧૦નાં શ્રાવણ માસમાં પચાસમી સપ્તાહને સુવર્ણ જયંતિ વર્ષ તરીકે ઉજવવાનું સમિતિનાં પ્રમુખ શાંતિલાલ મગનભાઇ પટેલની આગેવાનીમાં નક્કી કરાયું હતું.

આ પ્રસંગે સાસરે વળાવેલી દીકરી પણ સપરિવાર સાથે સપ્તાહમાં જોડાતી હોય સપ્તાહ અનોખો મહિમા ધરાવે છે. પચાસમી સુવર્ણ જયંતિ સપ્તાહનાં દિવસે રાત્રિનાં અગિયાર વાગ્યે મહાઆરતીનું આયોજન પણ થયું હતું. જે આરતીનો ચઢાવો રૂા. ૨૧,૦૦૦ ભક્તોએ ભેટ થયો હતો. ત્યાર બાદ રવિવારે ભજન કિર્તનની પૂર્ણાહુતિ બાદ જયરણછોડજીની પાલખી સાથે શોભાયાત્રા નીકળી હતી.

શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતાં. જે દરમિયાન પાંચ જગ્યાએ મટકીફોડનો કાર્યક્રમ પણ રખાયો હતો. શોભાયાત્રા બાદ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી માટે પ્રમુખ શાંતિલાલ મગનભાઇ પટેલ, ઉપપ્રમુખ મનુભાઇ પટેલ, સુનિલભાઇ પટેલ, મંત્રી તરીકે ગુણવંતભાઇ પટેલ, સહમંત્રી નરેન્દ્રભાઇ પટેલ તથા ખજાનચી તરીકે બળવંતભાઇ પટેલ તથા ભકતોએ ઉજવણીને સફળ બનાવવા પુરતી તકેદારી રાખી હતી.

R K COLLEGE OF ENGINEERING & TECHNOLOGY
Bhavnagar Highway, Kasturbadham,Rajkot-20. Ph.(0281)2785116
Admission on State Quota Vacant Seats of Second Year Degree Engineering (D 2 D) for 2010-11
The Education Department, Gujarat State vide Notification No. GH/SH/26/PVS/102009/EM.52/S dated: 30.08.2010 granted permission to the respective institutions to fill up the state quota vacant seats.
Interested and eligible candidates should personally remain present at R K Group of College Campus on 09.09.2010 Thursday, from 10.00 am to 11.00 am with original documents and fees Rs. 20,000/- cash.
Trustee